## ગુંટુર બેઠક જીતવા YSR કોંગ્રેસ, TDP-BJP અને કોંગ્રેસ-CPI ગઠબંધન વચ્ચે ત્રિકોણીય જંગ



જંગલા અજય કુમાર | કિલારી વેંકટા રોસૈયા | પેમ્માસામી ચંદ્ર શેખર

આંધ્રપ્રદેશનો ગુંટુર લોકસભા મતવિસ્તાર એક સમયે ઇન્ડિયન નેશનલ કોંગ્રેસનો ગઢ હતો, એ પછી તેલુગુ દેશમ પાર્ટીનો ગઢ બન્યો પણ વિધાનસભાની ગત ચૂંટણીમાં ગુંટુરમાં આવતી તમામ 7 બેઠક વાય. એસ.જગનમોહન રેડ્ડીની પાર્ટી યુવા શ્રમિક રાયથુ કોંગ્રેસ પાર્ટી (YSRCP) જીતી ગઈ હતી.



**બિગ ફાઈટ**

**ગુંટુર- આંધ્રપ્રદેશ**

**દેશની અગત્યની - ચર્ચાતી બેઠકનો પરિચય**

રાજ્યોના શૈક્ષણિક જોડાણ માટે પ્રખ્યાત, ગુંટુરએ એશિયામાં મરચાંનું સૌથી મોટું બજાર છે, મરચાં, તમાકુ અને કપાસની નિકાસ માટેનું એક મહત્વપૂર્ણ કેન્દ્ર પણ છે. આઝાદી પછી પહેલીવાર 1952માં ગુંટુર લોકસભા સીટ પર એક અપક્ષ ઉમેદવારે જીત મેળવી હતી. આ પછી કોંગ્રેસ 1957, 1962, 1967, 1971, 1977, 1980, 1984, 1989 સુધી સત્તામાં રહી. ટીડીપીએ 1991માં પ્રથમ વખત કોંગ્રેસને હરાવ્યું હતું, પરંતુ ટીડીપી જીત જાળવી શકી ન હતી અને 1996માં કોંગ્રેસ દ્વારા ફરીથી પરાજય થયો હતો. 1998માં પણ કોંગ્રેસ જીતી હતી. આ પછી 1999માં ટીડીપીએ પુનરાગમન કર્યું, પરંતુ 2004ની બીજી ચૂંટણીમાં કોંગ્રેસે આ સીટ કબજે કરી. 2009માં પણ વિજય ધ્વજ ફરકાવ્યો હતો. જોકે, તેને 2014 અને 2019માં ટીડીપીથી હારનો સામનો કરવો પડ્યો હતો. તાડીકોંડા, મંગલાગીરી, પોન્નુરુ, તેનાલી, પ્રતિપાડુ, ગુંટુર પશ્ચિમ અને ગુંટુર પૂર્વ તમામ વિધાનસભા બેઠકો પર YSRCP નો કબજો છે.

### 2014 અને 2019ની લોકસભાની ચૂંટણીમાં આ બેઠક પરથી તેલુગુ દેશમ પાર્ટી જીતી હતી

ગુંટુરમાં રાજકીય ક્ષેત્ર પરંપરાગત રીતે તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી) અને વાયએસઆર કોંગ્રેસ માટે યુદ્ધનું મેદાન રહ્યું છે, જોકે 2024ની લોકસભા બેઠકની ચૂંટણીમાં ઇન્ડીયા ગઠબંધન પણ ત્રીજા મોરચા તરીકે અહીં ઉપસ્થિત છે. કોંગ્રેસના નેતૃત્વ હેઠળના ઇન્ડીયા ગઠબંધનમાં આ બેઠક કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઇન્ડિયાના ભાગે આવી છે. અહીં તેમણે જંગલા અજય કુમારને ઉમેદવાર બનાવ્યા છે. જ્યારે તેલુગુ દેશમ પાર્ટીએ 2014 અને 2019નાં વિજેતા ઉમેદવાર ગલ્લા જયદેવને બદલે પેમ્માસામી ચંદ્ર શેખરને ટિકિટ આપી છે તેઓ NDA ગઠબંધનના ઉમેદવાર છે. જ્યારે YSR કોંગ્રેસે કિલારી વેંકટા રોસૈયાને ઉમેદવાર બનાવ્યા છે. એ રીતે મુકાબલો ત્રિકોણીય બન્યો છે.

### TDP-ભાજપ ગઠબંધનનું કારણ શું છે?

જો ખરા અર્થમાં જોવામાં આવે તો આંધ્રપ્રદેશમાં ઘણી બેઠકો પર ભાજપ મજબૂત સ્થિતિમાં નથી, જ્યારે ટીડીપીને પણ ભાજપની સાથે આવવાનો કોઈ ખાસ ફાયદો નહોતો, પરંતુ શું કારણ હતું કે બંને પક્ષોને એકસાથે આવવું પડ્યું. એવું માનવામાં આવે છે કે આ ગઠબંધન પાછળ જ્યાં એક તરફ ભાજપ પોતે આંધ્ર પ્રદેશ દ્વારા દક્ષિણ ભારતમાં પોતાનો આધાર સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહી છે, તો બીજી તરફ TDP નાં ચંદ્રાબાબુ નાયડુ કૌભાંડમાં પકડાયા બાદ કેન્દ્રીય એજન્સીઓથી પણ ડરી ગયા. તેમને લાગે છે કે એનડીએ સાથે ગયા પછી તેઓ સુરક્ષિત રહેશે.

### YSR કોંગ્રેસને પછાડવા ઇન્ડીયા ગઠબંધન મેદાનમાં

આંધ્ર પ્રદેશમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણી એક સાથે થઈ રહી છે. લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને, ઇન્ડીયા ગઠબંધન વચ્ચે આંધ્ર પ્રદેશમાં સીટ વહેંચણી અંગે સમજૂતી થઈ છે. અહીં CPI ને 1 લોકસભા અને 8 વિધાનસભા બેઠક, જ્યારે CPI ને 14 વિધાનસભા અને 2 લોકસભા બેઠક કોંગ્રેસે ફાળવી છે. ઇન્ડીયા ગઠબંધને વાય.એસ.જગનમોહન રેડ્ડીના બહેન અને આંધ્ર પ્રદેશ કોંગ્રેસ કમિટી (APCC)ના પ્રમુખ વાય. એસ. શર્મિલાને મુખ્યમંત્રી પદનાં ઉમેદવાર જાહેર કર્યા છે. કોંગ્રેસ 126 વિધાનસભા અને 11 લોકસભા બેઠક પર ચૂંટણી લડશે.

### જગનમોહન રેડ્ડીને હરાવવા ચંદ્રાબાબુ નાયડુ, ભાજપ અને એક્ટર પવન કલ્યાણની પાર્ટીએ ગઠબંધન કર્યું

YSR કોંગ્રેસના જગન મોહન રેડ્ડીની એક દાયકા જૂની સત્તાને હટાવવા આંધ્ર પ્રદેશમાં, રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન (NDA) ના સાથી પક્ષોએ ચૂંટણી માટે બેઠકોની વહેંચણી કરી છે. ફોર્મ્યુલા મુજબ ભારતીય જનતા પાર્ટી આંધ્રપ્રદેશમાં 6 લોકસભા અને 10 વિધાનસભા બેઠક પર ચૂંટણી લડશે. તેલુગુ દેશમ પાર્ટી (TDP) 17 લોકસભા અને 144 વિધાનસભા સીટો પર પોતાના ઉમેદવારો ઉભા કરશે. અભિનેતા પવન કલ્યાણની જનસેના પાર્ટી 2 લોકસભા અને 21 વિધાનસભા બેઠકો પર ચૂંટણી લડશે. ત્રણેય પક્ષો પહેલીવાર એક સાથે ગઠબંધનમાં જોડાયા છે. આંધ્ર પ્રદેશમાં 175 વિધાનસભા સીટ અને 25 લોકસભા સીટની એક સાથે ચૂંટણી યોજાઈ રહી છે. હાલમાં અહીં YSRCPની સરકાર છે, 7 વર્ષ પછી ચંદ્રાબાબુ નાયડુ NDA માં પરત ફર્યા છે.

# શું માયાવતી યુપીમાં તેમની પાર્ટીની ભૂમિકા ફરી મજબૂત કરવા પ્રયાસ કરી રહ્યા છે?

## BSPએ કૈરાના, રામપુર, પીલીભીત, મુરાદાબાદ, સહારનપુર અને અમરોહામાંથી મુસ્લિમ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે



**ચૂંટણી પે ચર્ચા**

**ચૂંટણીના મહત્ત્વના મુદ્દા-પરિબળોની છણાવટ**



માયાવતીના નિર્ણય મુજબ, બહુજન સમાજ પાર્ટી (BSP) ઉત્તર પ્રદેશમાં લોકસભા બેઠકો માટેના મતદાનના પ્રથમ બે રાઉન્ડમાં ભાજપ અને વિપક્ષી ગઠબંધનની તકો બગાડવા જઇ રહી છે. તેણીની વ્યૂહરચના ચોક્કસ સમુદાયોમાં પ્રવર્તતા અસંતોષનો ઉપયોગ કરીને જાટવોની બીએસપીની કોર વોટ બેંક બનાવવાની છે જ્યારે તેમને આશા છે કે મુસ્લિમો તેમના બિન-પક્ષપાતી વલણમાં વિશ્વાસ બતાવશે. તે ભાજપ સામે ઠાકુરો અને ત્યાગીઓના અસંતોષ પર આધાર રાખી રહ્યા છે. તેથી, તેમણે ગાઝિયાબાદ અને ગૌતમ બુદ્ધ નગરમાં રાજપૂત ઉમેદવારો અને મેરઠમાંથી એક ત્યાગીને મેદાનમાં ઉતાર્યા છે.

બિજનૌરમાં, જેનું સુશ્રી માયાવતીએ પોતે 1989 માં પ્રતિનિધિત્વ કર્યું હતું, તેમણે રાષ્ટ્રીય લોકદળના ગુર્જર પસંદગીનો સામનો કરવા માટે એક પ્રભાવશાળી જાટ ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા છે, અને બાગપતમાં, તેમણે આરએલડીની જાટ પસંદગીનો સામનો કરવા માટે એક ગુર્જરને પસંદ કર્યો છે.એ જ રીતે, મથુરામાં, બોક્સર વિજેન્દર સિંહ કોંગ્રેસમાંથી ભાજપ તરફ વળ્યા પછી, બસપાએ ઝડપથી તેના ઉમેદવારને બદલી નાખ્યો અને ભાજપની હેમા માલિનીને ટક્કર આપવા માટે અસંતુષ્ટ ભાજપના જાટ નેતાને લાવી. આ એક દુર્લભ ચૂંટણી છે જ્યાં અલીગઢ, મેરઠ, મુઝફ્ફરનગર અને બાગપતમાં SP અને BSP બંને તરફથી કોઈ મુસ્લિમ ઉમેદવાર નથી. સપા માને છે કે મુસ્લિમો ગમે તે રીતે તેની સાથે છે, પરંતુ હકીકત એ છે કે બસપાએ મુસ્લિમ કાર્ડનો ઉપયોગ કર્યો નથી તે દર્શાવે છે કે તે આ બેઠકો પર ભાજપના મતોને નિશાન બનાવી રહી છે.

"હમ કો ભાજપ ઔર સપા દોનો કા ખેલ બિગાડના હૈ. તભી હમારા ગેમ બનેગા," એમ કાનપુર વિભાગના પ્રભારી BSP નેતા સૂરજ સિંહે કહ્યું. "ચૂંટણીનું ધ્રુવીકરણ કરીને, ભાજપ સપાને તેના સરળ હરીફ તરીકે પસંદ કરે છે. તે BSP દ્વારા ખતરો અનુભવે છે કારણ કે તેની પાસે સમર્પિત કેડર અને વોટ છે. તેથી તે મીડિયાના એક વર્ગનો ઉપયોગ કરીને એવી હવા ઊભી કરે છે કે BSP મુસ્લિમોના હિતની વિરુદ્ધ છે. અમે તે ધારણાને બદલવા માટે જમીન પર કામ કરી રહ્યા છીએ અને અલીગઢ જેવી બેઠકો પર અમને નથી લાગતું કે સમુદાયના મત મેળવવા માટે અમારે મુસ્લિમ ઉમેદવારની જરૂર છે," તેમણે ઉમેર્યું હતું કે, પક્ષ બંધારણને બચાવવા અને અનામત સુનિશ્ચિત કરવા માટે લડી રહ્યો છે. BSPએ કૈરાના, રામપુર, પીલીભીત, મુરાદાબાદ, સહારનપુર અને અમરોહામાંથી મુસ્લિમ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. પીલીભીત સિવાય, આ એવી બેઠકો છે જ્યાં મુસ્લિમ વસ્તી 45% થી વધુ છે."આમાંની મોટાભાગની સીટો પર સપા-કોંગ્રેસ ગઠબંધન મજબૂત છે. આગામી તબક્કામાં પણ, મુખ્ય દાવેદાર કોણ છે તેના આધારે અમે એસપી અને ભાજપ બંનેને નિશાન બનાવીશું,'' એમ સિંહે કહ્યું.

દાખલા તરીકે, મૈનપુરીમાં, બીએસપીએ ખેડૂતોના ગુસ્સાને વાચા આપવા માટે ડિમ્પલ યાદવ અને ખેરીના શીખ ઉમેદવારને ટક્કર આપવા માટે બિન-યાદવ ઓબીસી શાક્ય ચહેરાને મેદાનમાં ઉતાર્યા છે.

ગોધરાકાંડ બાદ 2002માં માયાવતીએ ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી માટે પ્રચાર કર્યો ત્યારથી મુસ્લિમો તેમનાથી સાશંક હતા. જો કે, ઉમેદવારોની પસંદગી દર્શાવે છે કે તેણીએ તટસ્થ વલણ જાળવી રાખ્યું છે અને તેણીની સોશિયલ એન્જિનિયરિંગને પશ્ચિમ યુપીમાં લાગુ કરી રહી છે. આ સમયે વો પલટી નહીં હૈં (તેણીએ પીછેહઠ કરી નથી). મુસ્લિમો જાણે છે કે પશ્ચિમ યુપીમાં સપા અને કોંગ્રેસનો કોઈ મત આધાર નથી અને તેઓ ફક્ત તેમના સમુદાય પર નિર્ભર છે. સપાની ટિકિટ વિતરણની ગૂંચવણોએ પણ પાર્ટીને મદદ કરી છે, "તેમણે કહ્યું. 2019માં બસપાએ સપા અને આરએલડી સાથે ગઠબંધન કરીને ચૂંટણી લડી હતી. તેણે તે વખતે પ્રથમ બે તબક્કામાં 16માંથી ચૂંટણી લડેલી પાંચમાંથી ચાર બેઠકો જીતી હતી. સપાને બે બેઠકો મળી હતી અને બાકીની 10 બેઠકો ભાજપે જીતી હતી. આ વખતે, બીએસપીએ તેના અગાઉના ચાર વિજેતાઓમાંથી ત્રણને પડતા મૂક્યા છે અને નગીના આરક્ષિત બેઠક પરથી હાલના સાંસદ ગિરીશ ચંદ્રાને બુલંદશહેર આરક્ષિત બેઠક પર ખસેડ્યા છે. 'તાજેતરની વાય-સિક્યોરિટી અને મની પાવરનું પ્રદર્શન દર્શાવે છે કે ભાજપ તેનો ઉપયોગ અમારી વિરુદ્ધ કરી રહ્યું છે,' એવો બસપા નેતાએ આક્ષેપ કર્યો હતો.

**- શેખર ઐયર**

## ગુજરાતમાં જ્યાં સૌથી પહેલો સૂર્યોદય થાય છે ત્યાં લોકસભામાં કોનો સૂર્ય ચમકશે?

# આ બેઠક ક્યારેય કોઈ એક પક્ષનો ગઢ રહી નથી

ગુજરાતમાં સૌથી પહેલો સૂર્યોદય દાહોદ જિલ્લામાં થાય છે અને એટલે જ દાહોદને ગુજરાતના ઊગતા સૂરજનો પ્રદેશ કહેવાય છે, પણ રાજકીય રીતે જોઈએ તો આ સીટ પર ક્યારેક કોંગ્રેસ તો ક્યારેક ભાજપનો ઉદય થતો રહ્યો છે 2014 અને 2019 માં મોદી લહેર વચ્ચે ભાજપના જસવંતસિંહ ભાભોરે સીટ મેળવી હતી. આ વખતે ભાજપે જસવંતસિંહ ભાભોરને ત્રીજીવાર ટિકિટ આપી છે, તો કોંગ્રેસે ફરી પ્રભાબેન તાવિયાડને મેદાનમાં ઉતાર્યાં છે.

દાહોદ લોકસભા બેઠક એવી બેઠક છે, જેનું નામ અને વિસ્તાર સતત બદલાતાં રહ્યાં છે. 1952ની દેશની પ્રથમ ચૂંટણીમાં બેઠકનું નામ દાહોદ પંચમહાલ-કમ-બરોડા ઈસ્ટ બેઠક હતું, જે દાહોદ-પંચમહાલ જિલ્લાની સયુંક્ત

**દંગલ ગુજરાત**

**દાહોદ બેઠક**

**ગુજરાતની લોકસભા બેઠકનું વિશ્લેષણ**

લોકસભા બેઠક હતી. 1957માં દાહોદ લોકસભા બેઠક અસ્તિત્વમાં આવી. 1962અને 1967માં દાહોદ બેઠક અનુસૂચિત જાતિ (sc) ઉમેદવાર માટે અનામત બેઠકમાં રૂપાંતરિત થઈ હતી. દાહોદ લોકસભા બેઠક આદિવાસી વિસ્તારને આવરી લે છે. આ બેઠક પર અત્યાર સુધીમાં કોંગ્રેસે નવવાર જીત મેળવી છે. દાહોદ લોકસભા બેઠક પર કોંગ્રેસે પહેલીવાર 1967ની લોકસભા ચૂંટણીમાં જીત મેળવી હતી. આ ચૂંટણીમાં કોંગ્રેસમાંથી બી.આર. પરમાર ચૂંટણી લડી રહ્યા હતા. બી.આર. પરમારે એસડબ્લ્યુએ પક્ષના એલ. બી. પટેલને હરાવીને જીત મેળવી હતી. 1977થી 1998 સુધી કોંગ્રેસ સતત આ બેઠક પર જીત મેળવતી હતી. જ્યારે વર્ષ 1999ની ચૂંટણીમાં દાહોદ લોકસભા બેઠક પર ભાજપની પહેલીવાર જીત થઈ હતી. છેલ્લી બે ટર્મથી આ સીટ ભાજપ પાસે છે. આ સીટ પર પક્ષપલટુઓ સૌથી વધારે ચૂંટણી લડ્યા છે. જો કે પક્ષ પલટુઓને અહીંના મતદારોએ હંમેશા જાકારો આપ્યો છે.

### શું છે આ બેઠક ઉપર હાર જીતનો ઇતિહાસ

આ લોકસભા બેઠક ઉપર આવેલી વિધાનસભાની 7 સીટ ભાજપ પાસે છે. દેવગઢ બારીઆમાં કોંગ્રેસના ઉમેદવાર જ નહોતા દાહોદ બેઠક હેઠળ સંતરામપુર, ફતેપુરા, ઝાલોદ, લીમખેડા, દાહોદ, ગરબાડા, દેવગઢ બારિયા આવે છે. આ સાતેય વિધાનસભાના કુલ 5.10 લાખ મત ભાજપને મળ્યા હતા, જ્યારે કોંગ્રેસને 1.71 લાખ અને આમ આદમી પાર્ટીને 3.14 લાખ મત મળ્યા હતા, એટલે આ સીટની વિધાનસભામાં કોંગ્રેસ કરતાં આમ આદમી પાર્ટીને 1.42લાખ મત વધારે મળ્યા હતા. દેવગઢ બારિયામાં કોંગ્રેસના ઉમેદવાર નહોતા એટલે સીધી ટક્કર ભાજપ અને ncp વચ્ચે હતી. 2022ની ચૂંટણીના થોડા સમય પહેલાં જ કોંગ્રેસ અને એનસીપી વચ્ચે ગંઠબંધન થયું હતું. તેમણે ત્રણ બેઠક- નરોડા, ઉમરેઠ, દેવગઢ બારિયા માટે ગઠબંધન કર્યું હતું. એ પછી ncp ના ઉમેદવાર ગોપસિંહ પ્રતાપસિંહ લવારે ઉમેદવારી ફોર્મ પરત ખેંચતાં કોંગ્રેસને ઝાટકો લાગ્યો હતો. દાહોદ બેઠક પર ભાજપને માત્ર ચારવાર જીત મળી છે. વર્ષ ૧૯૯૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપ પહેલીવાર દાહોદ લોકસભા બેઠક પર જીત મેળવી શક્યો હતો. ભાજપના ઉમેદવાર બાબુભાઈ કટારાએ કોંગ્રેસના ઉમેદવાર સોમજીભાઈ ડામોરને હરાવ્યા હતા. એ પછી વર્ષ 2004, 2014 અને 2019માં દાહોદ લોકસભા બેઠક પર ભાજપની જીત થઈ હતી. વર્ષ 2019ની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર જશવંતસિંહ ભાભોરે કોંગ્રેસના ઉમેદવાર બાબુભાઇ કટારાને હરાવ્યા હતા. આ વખતની ચૂંટણીમાં ભાજપે ફરી એકવાર જશવંતસિંહ ભાભોરને દાહોદ બેઠક પર ઉમેદવાર બનાવ્યા છે.




### સૌથી વધુ પક્ષ પલટુઓ ચૂંટણી લડ્યા છે

સાત ટર્મ કોંગ્રેસમાંથી જીતેલા સોમજી ડામોર 2009માં ભાજપમાંથી લડ્યા હતા. તેમની સામે પ્રભાબેન તાવિયાડ કોંગ્રેસમાંથી લડ્યાં ને જીત્યાં. તો 2004માં ભાજપમાંથી જીતેલા બાબુ કટારા કોંગ્રેસમાં જોડાયા ને 2019માં તેઓ કોંગ્રેસમાંથી લડ્યા, પણ જસવંતસિંહ ભાભોર સામે હારી ગયા. સોમજી ડામોર 16માંથી 9 ચૂંટણી લડ્યા. 7 જીત્યા, બે હાર્યા. એકવાર કોંગ્રેસમાંથી હાર્યા, બીજીવાર ભાજપમાંથી હાર્યા.



જસવંતસિંહ ભાભોર V/S પ્રભાબેન તાવિયાડ

### ભાજપા અને કોંગ્રેસના ઉમેદવારો જુના ખેલાડીઓ

ભાજપા આ વખતે આ બેઠક પુનઃ એકવાર હાંસલ કરવા માટેની કટિબદ્ધતા બતાવી રહ્યું છે તો કોંગ્રેસ પુનઃ એકવાર આ બેઠક જીતવા જુસ્સો બતાવી રહ્યું છે. આદિવાસી મતદારો આમ તો અગાઉ કોંગ્રેસની સાથે રહ્યા છે અને તેઓની કમિટેડ વોટબેન્ક ગણવામાં આવતી હતી પરંતુ હવે સમીકરણો બદલાઈ ગયા છે. સોમજી ડામોર સતત સાત ટર્મ 1977 થી 1998 કોંગ્રેસના સાંસદ રહ્યા. કોંગ્રેસનો ગઢ ગણાતી બેઠક પર બે ટર્મથી ભાજપ જીતે છે. 2009માં પ્રભાબેન તાવિયાડ કોંગ્રેસમાંથી જીત્યાં હતાં, પણ 2014માં પ્રભાબેન તાવિયાડ હાર્યાં હતાં. 2019માં કોંગ્રેસે પ્રભાબેન તાવિયાડને ટિકિટ નહોતી આપી, પણ 2024માં ફરી પ્રભાબેન તાવિયાડને કોંગ્રેસે ટિકિટ આપી છે. 2004માં કોંગ્રેસનાં પ્રભાબેન તાવિયાડ સામે ભાજપે બાબુ કટારાને ટિકિટ આપી હતી. રસાકસીના જંગ વચ્ચે માંડ 361 મતથી ભાજપના કટારાનો વિજય થયો હતો. કોંગ્રેસના ગઢ સમાન આ સીટ જાળવી રાખવી આજે પણ ભાજપ માટે પડકાર સમાન છે.

### દાહોદ લોકસભા બેઠકના મતદારો

| બેઠક | પુરૂષ | મહિલા | કુલ |
|---|---|---|---|
| સંતરામપુર | 1,21,493 | 1,17,000 | 2,38,500 |
| ફતેપુરા | 1,28,340 | 1,31,908 | 2,60,251 |
| ઝાલોદ | 1,38,532 | 1,40,112 | 2,78,651 |
| લીમખેડા | 1,13,232 | 1,17,037 | 2,30,277 |
| દાહોદ | 1,39,347 | 1,42,475 | 2,81,829 |
| ગરબાડા | 1,46,224 | 1,50,965 | 2,97,192 |
| દેવગઢ | 1,34,085 | 1,40,014 | 2,74,100 |

### દાહોદ લોકસભા બેઠકમાં આવતી વિધાનસભા બેઠકોના 2022ના પરિણામ

| બેઠક | વિજેતા | મતોની લીડ |
|---|---|---|
| સંતરામપુર | ભાજપ | 15,577 |
| ફતેપુરા | ભાજપ | 19,531 |
| ઝાલોદ | ભાજપ | 35,222 |
| લીમખેડા | ભાજપ | 3,663 |
| દાહોદ | ભાજપ | 29,350 |
| ગરબાડા | ભાજપ | 27,825 |
| દેવગઢ બારિયા | ભાજપ | 44,201 |

## વિનોદ તાવડે: ભાજપે વિધાનસભાની ટિકિટ આપી નહોતી તે આજે પક્ષના પાવરફુલ રાષ્ટ્રીય મહામંત્રી

ભાજપના વર્તમાન રાષ્ટ્રીય મહામંત્રી વિનોદ તાવડેની હાલની લોકસભા ચૂંટણીમાં મહત્વની ભૂમિકા માનવામાં આવી રહી છે. બિહારમાં એનડીએ ગઠબંધનની ગાડી પાટા પર લાવવાની હોય કે વિપક્ષના મજબૂત નેતાઓને ભાજપમાં લાવવાના ઓપરેશન પાર પાડવાના હોય, તેમાં તાવડેની ભૂમિકા આજકાલ ચર્ચામાં છે. 2019માં ભાજપે જેમને મહારાષ્ટ્ર વિધાનસભાની બોરીવલીની ટિકિટ આપી નહોતી તે તાવડે આટલા પાવરફુલ થયા કેવી રીતે?

2019ની ચૂંટણીમાં તાવડે મહારાષ્ટ્ર સરકારમાં મંત્રી હોવા છતાં પક્ષે તેમને કાપીને નવા નિશાળિયા સુનીલ રાણેને બોરીવલીના ઉમેદવાર બનાવી દીધા હતા. તે સમયે તાવડેએ કહ્યું હતું કે, મારામાં પાર્ટીએ કોઈ ખામી જોઈ હોય તો હું આત્મ પરીક્ષણ કરીશ. પાર્ટીની ભૂલ હશે તો સમજી લઈશું. પણ અત્યારે તો બધું બાજુ પર મૂકીને ચૂંટણી પર ધ્યાન આપવાનું છે. તે સમયે એવું લાગતું હતું કે તાવડેની રાજકીય કારકિર્દી પૂરી થઇ ગઈ, પણ પાંચ વર્ષમાં તો તેઓ વધારે પાવરફુલ થઈને ઊભર્યા છે.

**ચૂંટણીનાં ચહેરા-મહોરાં**


**ચૂંટણીના મહત્વના-ચર્ચાતા વ્યક્તિત્વની જાણી-અજાણી વાતો**

**વિનોદ તાવડે**

વિનોદ તાવડેનો જન્મ 1963માં મુંબઇના એક સામાન્ય મધ્યમવર્ગી પરિવારમાં થયો. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદથી તેઓ વિદ્યાર્થી રાજનીતિમાં સક્રિય થયા. 1994માં તેઓ ભાજપના પૂર્ણકાલીન કાર્યકર્તા બન્યા અને એક વર્ષમાં પક્ષે તેમને મહારાષ્ટ્રના મહામંત્રી બનાવી દીધા. ચાર વર્ષ બાદ તેઓ મુંબઈ ભાજપના સૌથી નાની ઉંમરના પ્રમુખ બન્યા. 2008માં ભાજપે તેમને વિધાન પરિષદમાં મોકલ્યા. 2011માં તેમને વિપક્ષના નેતા બનાવ્યા. 2014માં બોરીવલીથી વિધાનસભાની ચૂંટણી જીતી સરકારમાં મંત્રી બની ગયા. 2019માં ટિકિટ કાપી તેમને સંગઠનમાં લઈ જઈ રાષ્ટ્રીય મંત્રી અને તેના એક વર્ષ બાદ મહામંત્રી બનાવાયા. તેમને હરિયાણાની જવાબદારી સોંપાઈ. ત્યારબાદ તેમને બિહાર મોકલાયા અને નીતીશકુમારને એનડીએમાં લાવવામાં તેઓ સફળ રહ્યા. મહારાષ્ટ્રમાં ફડણવીસ સાથે તેમને મતભેદો હોવાનું કહેવાય છે. પણ સંઘની કેડરમાંથી આવેલા આ નેતાએ ક્યારેય તેમની નારાજગી જાહેરમાં વ્યક્ત નથી કરી. પ્રમોદ મહાજન અને નીતિન ગડકરીના માર્ગદર્શનથી રાજકારણમાં આગળ વધેલા તાવડે મહાજન પછી રાષ્ટ્રીય મહામંત્રી બનનાર પહેલા મહારાષ્ટ્રીયન છે.




## POLL - ખોલ ચૂંટણી પર રમૂજભરી નજર




# નેતાજીઓના 'રેપ-ભાષણ' !



**હેલ્લો.. માઈક ટેસ્ટિંગ હેલ્લો..**

**▮ મંગલ દેસાઈ**

**પ્રચારસભાના બે માઈકની અંદર-અંદરની વાત... એકનું નામ 'હેલોવ' અને બીજાનું નામ 'માઈક ટેસ્ટિંગ'**

- હેલ્લોવ..!!આટલા ગંદા ભાષણો!મને તો શરમથી માથું ઝૂકી રહ્યું છે..!!
- માઈક ટેસ્ટિંગ..હેલ્લોવ..!આપણું માથું 'સ્ટેન્ડ' પર હોય છે!મારું તો માથું અને 'સ્ટેન્ડ' બંને શરમથી ઝૂકી રહ્યા છે..!!
- ધ્યાન રાખજે..આપણી સામે નેતાજી 'સ્ટેન્ડ' થયેલા હોય છે!આપણું 'સ્ટેન્ડ' ઝૂકે અને સેવકશ્રીને વાગી ગયું તો..?!
- આપણું 'સ્ટેન્ડ' સ્ટેનલેસ સ્ટીલનું હોય છે!વાગે તો 'ટંગ' અવાજ આવશે..!!
- એમના ભાષણના ગંદા શબ્દોને તો જાણે 'ટંગ' જ નથી હોતી...!!
- એને..'ટંગ-લેસ સ્લીપ' કહેવાય!!'સ્ટેન-લેસ સ્ટીલ' કરતા નેતાજીઓની 'ટંગ લેસ સ્પીચ' વધારે ઘાયલ કરે..દોસ્ત!!
- આ કેટલાક નેતાજીઓ ચૂંટણી પ્રચારમાં આપણા માઈક ઉપર ગંદી-બાતનું એવું થૂંક ઉડાડે છે કે મને થાય છે હું માઈક ઉપર કોરોના વાયરસ જેવો માસ્ક પહેરી લઉં..!!
- રસી પણ લઈ લેજે!!આપણા માઈક-બંધુઓએ નેતાજીના કોરોના(અજાણ્યા)શબ્દ વાયરસથી બચવા હવે બે ફૂટની દુરી બનાવવી જ પડશે..!
- આ સેવકો આવા ગંદા શબ્દો કઈ ડીક્ષનરીમાંથી લાવતા હશે..?!?
- શબ્દો સંસ્કારનું સ્વરૂપ છે!ડીક્ષનરીનું નહીં..! ડીક્ષનરીમાં ગંદા શબ્દ હોતા જ નથી..!
- આમ પણ ચાર ચોપડી પાસોને ડિક્ષનરી જોડે શું લેવાદેવા..!!!
- જો..તને પણ એમનો ચેપ લાગી ગયો!'ચાર ચોપડી પાસ'..એ અશિક્ષિત શબ્દ છે..આપણે આવું ન બોલાય!
- એ લોકો કેવું-કેવું બોલે છે!..'જમાઈરાજે સીટ ઉપર રૂમાલ મૂકી દીધો..!'કોઈની દીકરીના જમાઈ માટે આવું બોલાય..?!?
- ઈલેક્શનને સેવકો સંગીત ખુરશી માને છે!!ચૂંટણીના પ્રચારમાં એટલે જ 'રેપ-સોંગ'ની ફેશન આવી ગઈ છે!
- હું તો કહું છું.. સેવકોના ગંદા ભાષણોને ચૂંટણી ખાતાએ 'રેપ-ભાષણ' જાહેર કરવા જોઈએ!
- તું તો નેતાજીની જેમ તદ્દન નવો ગંદો શબ્દ શોધી લાવ્યો!!વાહ...'રેપ-ભાષણ'..!!
- આમ જ રેપ-ભાષણ ચાલતા રહેશે તો..ચૂંટણીના પ્રોપોગ્નડાને(પ્રચારને)'પ્રોપો-ગુંડા' કહેવાશે...!!
- અને..લેંગ-'વેજ' હવેથી 'નોનવેજ' કહેવાશે..!!
- ટુંઊંઊંઊંઉ...!!

